❖ <u>સુચનાઓ :</u>

- એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પુર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યાબાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહિ.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાની સંસ્થાના વડા મારફત એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
- નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા. ૦૮/૧૨/૨૦૨૩ થી મળેલ એન.ઓ.સી.ના પત્ર ક્રમાંક: કવટ/ISC3/એન.ઓ.સી./2023-24/24478-82ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
- અધુરી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
- ભરતી અંગેની જરૂરી સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી દરેક ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું.

<u>પરીક્ષા પદ્ધતિ :</u>

❖ **તબક્કો – 1 લેખિત પરીક્ષા**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| 1 | સામાન્ય જ્ઞાન – ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ વગેરે | 30 | 120 મીનીટ |
| 2 | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | 20 | |
| 3 | અંગ્રેજી વ્યાકરણ | 10 | |
| 4 | જગ્યાની શૈક્ષણિક લાયકાતને સંબંધિક વિષયનું પેપર | 90 | |
| | કુલ ગુણ | 150 | |

- પરીક્ષા Multiple Choice Question (MCQ) પદ્ધતિની રહેશે.
- દરેક પ્રશ્નનો 01 (એક) ગુણ રહેશે.
- ખોટા જવાબ દીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી 0.25 ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.

V.P. & R.P.T.P. Science College V. V. Nagar 388120 *

ચારુતર વિદ્યામંડળ તા.જિ. આણંદ વલ્લભ વિદ્યાનગર

- ➢ પ્રશ્નના આપેલ બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.
- ➢ પરીક્ષા નિયમોની જોગવાઈ મુજબ, કોઈપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ, દરેક કસોટી માટે કુલ ગુણના 40% ગુણ રહેશે. લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર ઉમેદવારો પૈકી કુલ ખાલી જગાઓની સંખ્યાના કેટેગરીવાર 3 (ત્રણ) ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

❖ તબક્કો -2 **Computer Proficiency Test**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| 1 | એકસેલ સ્પ્રેડશીટ | 15 | 60 મીનીટ |
| 2 | ઈ-મેઈલ કરવા (વીથ ફાઈલ એટેચમેન્ટ) | 15 | |
| 3 | પાવર પોઈન્ટ | 15 | |
| 4 | વર્ડ ટાઈપીંગ/વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | 30 | |
| | કુલ ગુણ | 75 | |

- ➢ ઉમેદવારોએ ઉક્ત પ્રથમ તબક્કા ભાગ–1ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કા ભાગ-2ની કોમ્પયુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ – એમ બંને કસોટીમાં મેળવેલ સંયુક્ત ગુણના મેરીટસના આધારે કેટેગરી વાઈઝ ભરવાની થતી જગાની વિગતો ધ્યાને લઈ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.
- ➢ ભરતી અંગેની જરૂરી સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી દરેક ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું.

માનદ મંત્રીશ્રી
ચારૂતર વિદ્યામંડળ

તા. 08/02/2024

V.P. & R.P.T.P. Science College * V. V. Nagar 388120

ચારૂતર વિદ્યામંડળ * તા.જિ. આણંદ * વલ્લભ વિદ્યાનગર

# ઉમેદવારોને સુચના

1) પરીક્ષા Multiple Choice Question (MCQ) પદ્ધતિની રહેશે.
2) દરેક પ્રશ્નનો 01 (એક) ગુણ રહેશે.
3) ખોટા જવાબ દીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી 0.25 ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.
4) પ્રશ્નના આપેલ બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.
5) સાચા વિકલ્પ ઉપર " O " વર્તુળ કરવું.

   ઉદાહરણ તરીકે :

   ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

   A. સરદાર પટેલ (B.) મહાત્મા ગાંધી C. સુભાષચંદ્ર બોઝ D. વિનોબા ભાવે
6) આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિન અધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, સ્માર્ટ વોચ, કેલક્યુલેટર, પેનડ્રાઈવ વગેરે જેવા કોઇ પણ પ્રકારના વિજાણુંસાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો, તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.
7) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાત કરવી, અવાજ કરવો કે સુપરવાઈઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.
8) ઉમેદવારે વાદળી / કાળી પેનનો ઉપયોગ કરવાનો રહેશે.
9) ઉમેદવારોને પરીક્ષા પૂર્ણ થયે જ પરીક્ષાખંડ છોડવા દેવામાં આવશે.
10) પરીક્ષા પૂર્ણ થયે ઉમેદવારે આ પ્રશ્નપત્ર બ્લોક સુપરવાઈઝરશ્રીને આપવાનું રહેશે.

V.P. & R.P.T.P. Science College V. V. Nagar 388120